# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૬ તા.૨૮-૪-૧૫

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી મ્યુનિસિપલ શાળાના તમામ મુખ્ય શિક્ષકોને જણાવવાનું કે, વર્ષ ૨૦૧૫-૧૬ ની સેવાકાલીન શિક્ષક તાલીમ ૮ દિવસની બ્લોક કક્ષાની તાલીમ (૧ દિવસની સ્વચ્છતા સંબંધી તાલીમ સહિત) તથા ૪ દિવસની ક્લસ્ટર કક્ષાની તાલીમ (૧ દિવસની સ્વચ્છતા સંબંધી તાલીમ) આમ કુલ ૧૨ દિવસની સેવાકાલીન તાલીમ મંજુર થયેલ છે. જે દરેક શિક્ષકે ફરજિયાત લેવાની રહેશે.

- ૮ દિવસની બ્લોક કક્ષાની બિનનિવાસી શિક્ષક તાલીમ પૈકી પ્રથમ ફેઝની તાલીમ ૨૭/૦૪/૨૦૧૫ થી ૩૦/૦૪/૨૦૧૫ દરમ્યાન પૂર્ણ થશે. બીજા ફેઝની તાલીમ ધોરણ: ૧ થી ૫ અને ધોરણ: ૬ થી ૮ ના વિષય શિક્ષકોની વિષય વસ્તુ તાલીમ તા:૦૩/૦૬/૨૦૧૫ થી તા: ૦૬/૦૬/૨૦૧૫ દરમ્યાન પરીપત્ર નં : ૧૩ તા: ૨૪/૦૪/૨૦૧૫ મુજબ યોજવાની થાય છે. જે માટે ના તાલીમ સ્થળોની યાદી નીચે મુજબ છે. તો તે સ્થળે, સમયે અને તારીખે બીનચુક ફરજીયાત હાજર રહેવું.
- ધોરણ ૧ થી ૨, ધોરણ ૩ થી ૫ અને ધોરણ ૬ થી ૮ ના વિષય શિક્ષકોની વિષયવસ્તુ તાલીમ (સ્વચ્છતા સંબંધી વિષય સહિત)

  તાલીમની તારીખ : ૦૩/૦૬/૨૦૧૫ થી ૦૬/૦૬/૨૦૧૫

  તાલીમાર્થી : (૧) ધોરણ ૧ થી ૨ (ચાલુ વર્ષે ૨૦ શાળામાં શરૂ થતા પ્રજ્ઞા અભિગમ શાળાઓના ધો-૧,૨ ના શિક્ષકો)

  (૨) ધોરણ ૩ થી ૪ (ગત વર્ષે શરૂ થયેલી ધો-૧,૨ ની પ્રજ્ઞા શાળાના ધો-૩,૪ ના પ્રજ્ઞા શિક્ષકોમાટે)

  (૩) ધોરણ ૬ થી ૮ (ભાષા, ગણિત-વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન ના શિક્ષકો સહિત)

  તાલીમની પદ્ધતિ : ફેસ ટુ મોડ અને ડિસ્ટન્સ મોડ

  તાલીમનો સમય : ૭:૦૦ થી ૧૨:૩૦ (૩૦ મિનિટની રિશેષ સહિત)
- પ્રજ્ઞા અભિગમ સાથે જોડાયેલ જૂના શિક્ષકોની તાલીમ જુલાઇ થી સપ્ટેમ્બર દરમ્યાન તબક્કાવાર યોજવામાં આવશે. જે અંગેની માહિતી પ્રત્યેક શિક્ષક પ્રમાણે તાલીમ બેચની તારીખ સી.આર.સી.કો.પાસેથી જુલાઇ માસમાં મેળવી લેવાની રહેશે.
- **તાલીમનું મોડ્યુલ :**

  સમગ્ર તાલીમ દરમ્યાન રાજ્ય કક્ષાએથી આપવામાં આવેલ તાલીમ મોડ્યુલ તાલીમ વર્ગમાં સાથે લઇને તાલીમ મેળવવાની રહેશે. જો તાલીમ દરમ્યાન તાલીમ મોડ્યુલ જોવા નહી મળે તો તેની જવાબદારી જે તે શિક્ષકની નક્કી કરવામાં આવશે. તાલીમ મોડ્યુલમાં શિક્ષકે કરવાની થતી સમગ્ર નોંધ કરવાની રહેશે અને તાલીમ પૂર્ણ થયા પછી તજજ્ઞની સહી કરાવવાની રહેશે. સમગ્ર વર્ષ દરમ્યાન યોજાનાર તમામ તાલીમમાં આ મોડ્યુલ સાથે રાખવાના રહેશે.

❖ **તાલીમ ખર્ચ :**

- તાલીમમાં પ્રતિ શિક્ષક રૂ. ૯૦/- પ્રમાણેની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવશે. જેમાં ૪૫/- ની મર્યાદામાં રીફ્રેશમેન્ટ (ભોજન) જે માટે સમિતિ બનાવી આયોજન કરવાનું રહેશે.
- તાલીમનો ભોજનનો સમય ૧0:30 થી ૧૧:00 નો રહેશે. સમય બગડે નહી તે માટે ૫0 શિક્ષકોએ ૧ કાઉન્ટર ગોઠવવાના રહેશે.
- ભોજન અને વ્યવસ્થાપક સમિતિ
    ૧. વર્ગસંચાલક (સી.આર.સી.કો-ઓર્ડિનેટર)
    ૨. સ્થાનિક મુખ્ય શિક્ષકશ્રી
    ૩. મહિલા શિક્ષિકા - ૨
    ૪. શિક્ષકમંડળના પ્રતિનિધિ
    ૫. પુરૂષ શિક્ષક

❖ **વાહન ભથ્થુ :**

રૂ. ૪0/- ની મર્યાદામાં વાહન ભથ્થુ આપવામાં આવશે. (સ્થાનિક શિક્ષકોને વાહન ભથ્થુ ચૂકવવામાં આવશે નહી) જે તાલીમાર્થીના સેલરી એકાઉન્ટમાં ઇ-ટ્રાન્સફર કરવામાં આવશે. માટે તાલીમાર્થીઓએ બેન્ક એકાઉન્ટની પાસબુક તાલીમમાં એકાઉન્ટ નંબર, IFSC code સાથે લાવવાના રહેશે. જે શિક્ષક/તાલીમાર્થી/તજજ્ઞ સાચી વિગતો રજૂ કરશે નહી તો તેની જવાબદારી શિક્ષકની પોતાની રહેશે.

**તાલીમ દરમ્યાન સ્ટેશનરી, કન્ટીજન્સી અને અન્ય આવશ્યક/જરૂરિયાત મુજબના ખર્ચ અંગે :**

- ચોપડો અને પેન આપવામાં આવેલ છે. જે સમગ્ર વર્ષ દરમ્યાન યોજાનાર તાલીમમાં ઉપયોગ કરવાનો રહેશે.
- **ખરીદ સમિતિ**
    ૧. વર્ગસંચાલક (સી.આર.સી.કો-ઓર્ડિનેટર)
    ૨. સ્થાનિક મુખ્ય શિક્ષકશ્રી
    ૩. મહિલા શિક્ષિકા
    ૪. શિક્ષકમંડળના પ્રતિનિધિ
    ૫. તજજ્ઞશ્રી

❖ **રીસોર્સ પર્સનને પુરસ્કૃત કરવા અંગે :**

તાલીમમાં તજજ્ઞ તરીકે કામગીરી કરતા શિક્ષકોને પુરસ્કૃત કરવા પ્રતિ દિવસ ઉચ્ચક રૂ. ૫0/- લેખે વિશેષ પુરસ્કાર કરવામાં આવશે. જે ઇ-ટ્રાન્સફર થી બેન્કમાં જમા કરાવવામાં આવશે.

- **તાલીમનો સમયગાળો :**

  શિક્ષક તાલીમમાં સમય સવારે ૭:00 થી ૧૨:30 (30 મિનિટની રિશેષ સહિત) રાખવાનો રહેશે.

- **વળતર રજા (પ્રાપ્ત રજા):**

  ૮ દિવસ બ્લોક કક્ષાની તાલીમ પૈકી ૪ દિવસની તાલીમ ઉનાળુ વેકેશન દરમ્યાન આયોજિત કરેલ હોઇ આ સમયગાળા દરમ્યાન ઉપસ્થિત રહેનાર તજજ્ઞ/શિક્ષક/તાલીમાર્થીઓને નિયમાનુસાર મળવાપાત્ર પ્રાપ્ત રજા અગાઉના સ્ટેટના પરિપત્ર ક્રમાંક: SSA/T.T./(હક્કરજા)/13/19425-527,તા.02/05/2013 ની જોગવાઈ મુજબ આપવામાં આવશે. જેનું પ્રમાણપત્ર તજજ્ઞ/શિક્ષક/તાલીમાર્થીએ મેળવી મુખ્ય શિક્ષક દ્વારા સુપરવાઈઝરની સહી સાથે તા.૧૫-૮-૧૫ પહેલા ઝોન કક્ષાએ મોકલી આપવાનું રહેશે.

- તાલીમની આચારસંહિતાનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.
- તાલીમ દરમ્યાન તાલીમાર્થી વર્ગખંડમાં મોબાઇલ કે ઇલેક્ટ્રોનિક્સ વસ્તુઓનો ઉપયોગ કરી શકશે નહી.
- તાલીમના સ્થળે સમયમર્યાદામાં હાજર રહેવાનું રહેશે.
- તાલીમ દરમ્યાન મેળવેલ વિષયવસ્તુનો વર્ગખંડમાં ઉપયોગ કરવાનો રહેશે.
- તાલીમમાં ગેરહાજર કે વચ્ચેથી ગેરહાજર રહેનાર તાલીમાર્થીએ સ્વખર્ચે રજાના દિવસે તાલીમ મેળવવાની રહેશે.
- તાલીમાર્થી/તજજ્ઞની વળતર રજાઓ અંગેનો હાજર રીપોર્ટ નિયત સમયમાં ઝોન કક્ષાએ રજૂ કરવામાં નહી આવે તો તે અંગેની જવાબદારી તાલીમાર્થીની રહેશે.
- તાલીમ દરમ્યાન ગેરહાજર રહેનાર તાલીમાર્થીએ અગાઉથી શાસનાધિકારીશ્રી પાસે રજા મંજુર કરાવી તેની કોપી વર્ગસંચાલકને આપવાની રહેશે.
- તાલીમના સ્થળ અને વર્ગખંડમાં સ્વચ્છતા જળવાય તે જોવાની આપણા સૌની જવાબદારી છે.
- તાલીમના સ્થળે સ્થાનિક ઓબ્ઝર્વરની નિમણૂંક કરવામાં આવશે, જેમની જવાબદારી તાલીમ મસ્ટરની નિયમિતતા, શિસ્ત અને વર્ગવ્યવહાર ચકાસવાની રહેશે.
- તાલીમની હાજરી રાજ્ય કક્ષાએ ૭:૨૦ સુધીમાં જણાવી દેવાની હોવાથી ૭:૧૫ પછી આવનાર શિક્ષકની ગેરહાજરી ગણવામાં આવશે.

તા. ૨૮-૪-૧૫

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

## નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ
## 3/0૬/૨૦૧૫ થી 0૬/0૬/૨૦૧૫
## તાલીમ સ્થળ
## ઉત્તર ઝોન (યુ.આર.સી)

| ધોરણ | તાલીમ સ્થળ | સમાવિષ્ટ વોર્ડ | શિક્ષકોની સંખ્યા | વર્ગોની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | પ્રિતમપુરા ગુજ ૧ | ઉત્તર ઝોનના તમામ વોર્ડ ના ધો: ૧ ના શિક્ષકો | 72 | 2 |
| ૨ | કુબેરનગર અંગ્રેજી ૧ | ઉત્તર ઝોનના તમામ વોર્ડ ના ધો: ૨ ના શિક્ષકો | 60 | 2 |
| 3 | અસારવા ગુજ ૮ | ઉત્તર ઝોનના તમામ વોર્ડ ના ધો: 3 ના શિક્ષકો | 75 | 2 |
| ૪ | નરોડારોડ ગુજ ૧/૨ | ઉત્તર ઝોનના તમામ વોર્ડ ના ધો: ૪ ના શિક્ષકો | 87 | 2 |
| ૫ | સરસપુર ગુજ ૧૧ | ઉત્તર ઝોનના તમામ વોર્ડ ના ધો: ૫ ના શિક્ષકો | 135 | 3 |
| ૬ થી ૮ ભાષા | સૈજપુર ગુજ ૫ | ઠક્કરબાપા, પોટલીયા, નરોડા રોડ, સરસપુર, સૈજપુર, દરિયાપુર | 95 | 2 |
| ૬ થી ૮ ભાષા | હાંસોલ ગુજ ૧/૨ | અસારવા,ગિરધરનગર, સરદારનગર, , નરોડા મુઠીયા, કુબેરનગર | 97 | 2 |
| ૬ થી ૮ સા.વિજ્ઞાન | ઠક્કરબાપા ૧ | ઉત્તર ઝોનના તમામ વોર્ડ ના ધો: ૬ થી ૮ ના શિક્ષકો | 97 | 2 |
| ૬ થી ૮ ગણિત/વિજ્ઞાન | સ્કાઉટ ભવન | ઉત્તર ઝોનના તમામ વોર્ડ ના ધો: ૬ થી ૮ ના શિક્ષકો | 73 | - |
| પ્રજ્ઞા ધોરણ : ૧,૨,3,૪ | અમરાઈવાડી ૧૪ | ધો: ૧/૨ માટે નવી પ્રજ્ઞા શાળાઓ અને ધો : 3/૪ માં નવા પ્રજ્ઞા ચાલુ થનાર શાળાના શિક્ષકો | - | - |


## નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ
## 3/0૬/૨૦૧૫ થી 0૬/0૬/૨૦૧૫
## તાલીમ સ્થળ

## દક્ષિણ ઝોન (યુ.આર.સી)

| ધોરણ | તાલીમ સ્થળ | સમાવિષ્ટ વોર્ડ | શિક્ષકોની સંખ્યા | વર્ગોની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | બહેરામપુરા ૧/૨ | દક્ષિણ ઝોનના તમામ વોર્ડ ના ધો: ૧ ના શિક્ષકો | 132 | 3 |
| ૨ | બાગેફીદોશ ૧/૨ | દક્ષિણ ઝોનના તમામ વોર્ડ ના ધો: ૨ ના શિક્ષકો | 110 | 3 |
| 3 | કાંકારિયા ૧/૨ | દક્ષિણ ઝોનના તમામ વોર્ડ ના ધો: 3 ના શિક્ષકો | 132 | 3 |
| ૪ | મણિનગર ૬ | દક્ષિણ ઝોનના તમામ વોર્ડ ના ધો: ૪ ના શિક્ષકો | 124 | 3 |
| ૫ | મિલ્લતનગર ૧/૨ | દક્ષિણ ઝોનના તમામ વોર્ડ ના ધો: ૫ ના શિક્ષકો | 152 | 3 |
| ૬ થી ૮ ભાષા | મણિનગર ૪ | બહેરામપુરા, વટવા, ઈસનપુર, બાગેફીરદોશ | 97 | 2 |
| ૬ થી ૮ ભાષા | કાંકરીયા ૬ | મણિનગર, કાંકરિયા, જમાલપુર, ખાડિયા, દાણિલીમડા, રાયખડ | 92 | 2 |
| ૬ થી ૮ સા.વિજ્ઞાન | બહેરામપુરા ૯/૧૦ | દક્ષિણ ઝોનના તમામ વોર્ડ ના શિક્ષકો | 83 | 2 |
| ૬ થી ૮ ગણિત/વિજ્ઞાન | સ્કાઉટ ભવન | દક્ષિણ ઝોનના તમામ વોર્ડ ના ધો: ૬ થી ૮ ના શિક્ષકો | 95 | - |
| પ્રજ્ઞા ધોરણ : ૧,૨,3,૪ | અમરાઈવાડી ૧૪ | ધો: ૧/૨ માટે નવી પ્રજ્ઞા શાળાઓ અને ધો : 3/૪ માં નવા પ્રજ્ઞા ચાલુ થનાર શાળાના શિક્ષકો | - | - |

## નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ
## ૩/૦૬/૨૦૧૫ થી ૦૬/૦૬/૨૦૧૫
## તાલીમ સ્થળ
## પશ્ચિમ ઝોન (યુ.આર.સી)

| ધોરણ | તાલીમ સ્થળ | સમાવિષ્ટ વોર્ડ | શિક્ષકોની સંખ્યા | વર્ગોની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | વાડજ ૨ | પશ્ચિમ ઝોનના તમામ વોર્ડ ના ધો: ૧ ના શિક્ષકો | 103 | 2 |
| ૨ | વાડજ ૨ | પશ્ચિમ ઝોનના તમામ વોર્ડ ના ધો: ૨ ના શિક્ષકો | 95 | 2 |
| 3 | શાહપુર ૧૧ | પશ્ચિમ ઝોનના તમામ વોર્ડ ના ધો: 3 ના શિક્ષકો | 44 | 1 |
| ૪ | શાહપુર ૧૧ | પશ્ચિમ ઝોનના તમામ વોર્ડ ના ધો: ૪ ના શિક્ષકો | 95 | 2 |
| ૫ | એલિસબ્રિજ ૨ | પશ્ચિમ ઝોનના તમામ વોર્ડ ના ધો: ૫ ના શિક્ષકો | 114 | 3 |
| ૬ થી ૮ ભાષા | વાસણા 3 | વાસણા, પાલડી, ગાંધીગ્રામ, શાહપુર, નવરંગપુરા | 100 | 2 |
| ૬ થી ૮ ભાષા | વાસણા ૫ | માધુપુરા, દૂધેશ્વર,જુનાવાડજ,નારણપુરા | 92 | 2 |
| ૬ થી ૮ સા.વિજ્ઞાન | એલિસબ્રિજ ૧૭ | પશ્ચિમ ઝોનના તમામ વોર્ડ ના શિક્ષકો | 83 | 2 |
| ૬ થી ૮ ગણિત/વિજ્ઞાન | સ્કાઉટ ભવન | પશ્ચિમ ઝોનના તમામ વોર્ડ ના ધો: ૬ થી ૮ ના શિક્ષકો | 66 | - |
| પ્રજ્ઞા ધોરણ : ૧,૨,3,૪ | અમરાઈવાડી ૧૪ | ધો: ૧/૨ માટે નવી પ્રજ્ઞા શાળાઓ અને ધો : 3/૪ માં નવા પ્રજ્ઞા ચાલુ થનાર શાળાના શિક્ષકો | - | - |

## નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ
## ૩/૦૬/૨૦૧૫ થી ૦૬/૦૬/૨૦૧૫
## તાલીમ સ્થળ
## પૂર્વ ઝોન (યુ.આર.સી)

| ધોરણ | તાલીમ સ્થળ | સમાવિષ્ટ વોર્ડ | શિક્ષકોની સંખ્યા | વર્ગોની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | બાપુનગર ૫ | પૂર્વ ઝોનના તમામ વોર્ડ ના ધો: ૧ ના શિક્ષકો | 87 | 2 |
| ૨ | ગોમતીપુર ૨ | પૂર્વ ઝોનના તમામ વોર્ડ ના ધો: ૨ ના શિક્ષકો | 88 | 2 |
| 3 | ખોખરા ૨ | પૂર્વ ઝોનના તમામ વોર્ડ ના ધો: 3 ના શિક્ષકો | 105 | 3 |
| ૪ | અંબિકાનગર ૧ | પૂર્વ ઝોનના તમામ વોર્ડ ના ધો: ૪ ના શિક્ષકો | 111 | 3 |
| ૫ | રાજપુર ૭ | બાપુનગર, કાલુપુર, રખિયાલ,ગોમતીપુર, રાજપુર | 73 | 2 |
| | અમરાઈવાડી ૧૧ | અમરાઈવાડી, ભાઈપુરા,ખોખરા, નિકોલ, ઓઢવ | 72 | 2 |
| ૬ થી ૮ ભાષા | બાપુનગર ૧3 | કાલુપુર, ખોખરા નિકોલ, ભાઈપુરા,ગોમતીપુર, રખિયાલ, બાપુનગર | 102 | 3 |
| ૬ થી ૮ ભાષા | બાપુનગર 3 | અમરાઈવાડી,ઓઢવ, રાજપુર | 99 | 2 |
| ૬ થી ૮ સા.વિજ્ઞાન | ખોખરા ૧૨ | પૂર્વ ઝોનના તમામ વોર્ડ ના શિક્ષકો | 103 | 3 |
| ૬ થી ૮ ગણિત/વિજ્ઞાન | સ્કાઉટ ભવન | પૂર્વ ઝોનના તમામ વોર્ડ ના ધો: ૬ થી ૮ ના શિક્ષકો | 93 | - |
| પ્રજ્ઞા ધોરણ : ૧,૨,3,૪ | અમરાઈવાડી ૧૪ | ધો: ૧/૨ માટે નવી પ્રજ્ઞા શાળાઓ અને ધો : 3/૪ માં નવા પ્રજ્ઞા ચાલુ થનાર શાળાના શિક્ષકો | - | - |